# ગાયકવાડ શાસન હેઠળના સામાજીક અને શૈક્ષણિક સુધારા

ડૉ. ભારતીબેન પી. કાપડિયા
અધ્યાપક,
શેઠ પી. ટી. મહિલા કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ હોમસાયન્સ, વનિતા વિશ્રામ, સુરત

ગુજરાતના ઈતિહાસમાં ગાયકવાડ શાસનનો ઈતિહાસ અતિભવ્ય છે. ઈ.સ. ૧૬૮૯માં સેનાપતિ ખંડેરાવ દાભાડેએ ગુજરાતમાં પ્રવેશ કર્યો અને ખંડણી ઉઘરાવવાનું શરૂ કર્યું. પેશ્વાના અમલ દરમ્યાન ખંડેરાવની આગેવાની હેઠળ મરાઠાઓએ ગુજરાતમાં ખંડણી ઉઘરાવવાનું શરૂ કર્યું. તે સમયે દાભાડેની સાથે દામાજીરાવ ગાયકવાડ ગુજરાતમાં આવી બહાદુરીના જોરે નિઝામ રાજયના યુદ્ધમાં પરાક્રમથી સારી એવી કિર્તી પ્રાપ્ત કરી. તેમના અવસાન પછી પીલાજીરાવ ગાયકવાડે ઈ.સ. ૧૭૨૪માં મરાઠા પાસેથી મહી નદીથી લઈને દક્ષિણ સુધીના મુલકમાં ચોથ ઉઘરાવવાનો હક મેળવ્યો અને દક્ષિણ ગુજરાતમાં મરાઠા ઝૂંબેશ વધુ તીવ્ર બની. ઈ.સ. ૧૭૩૨માં પિલાજીરાવના અકાળે મૃત્યુ બાદ તેમના પુત્ર દામાજીરાવે મુઘલ સૈન્યને હરાવી ઈ.સ. ૧૭૩૪માં બરોડા રાજય પર વિજય પ્રાપ્ત કર્યો. આમ, ગાયકવાડ શાસનમાં દામાજીરાવ પછી અનેક મહત્વના શાસકો આવતાં ગયા અને ગાયકવાડી શાસન હેઠળ ગુજરાતના અનેક શહેરો સર કરી વિસ્તાર કર્યો.

ગાયકવાડી શાસનમાં મહારાજા સયાજીરાવ ત્રીજા (૧૮૯૫)નો શાસનકાળ સુવર્ણયુગ તરીકે ઓળખાવી શકાય. તેમના સમયમાં રાજકીય, સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને કલા-સ્થાપત્ય ક્ષેત્રે અનેકવિધ પ્રગતિ થઈ. વર્ષ ૧૮૭૫ થી ૧૯૩૯ સુધીના સમયગાળામાં વડોદરા રાજયે ફરજિયાત શિક્ષણ, પુસ્તકાલય, વિશ્વવિધાલય, કાપડ, ટાઈલ્સ, મ્યુઝિયમ, કલા અને સ્થાપત્ય ક્ષેત્રે મહત્વની પ્રગતિ સધાઈ.

મહારાજા સયાજીરાવ સગીરવયના હતાં તે સમયે મી. ઈલિયત નામની ખાસ વ્યક્તિની શિક્ષક તરીકે પસંદગી કરવામાં આવી હતી. ૧૮૮૧માં તેઓ પુખ્તવયના થતાં જ શાસનની ધુરા સંભાળી ત્યાં સુધી તેમણે કુનેહબુદ્ધિ અને આવડતથી રાજયવહીવટનું સંચાલન કર્યું. તેમના શાસનમાં વડોદરાની પ્રજાને ઉન્નતિના માર્ગે લઈ ગયા. સત્તા સંભાળતાં જ સયાજીરાવે ખેડૂતપ્રજા પર ત્રાસદાયક મહેસૂલ સંબંધિત વહીવટ બંધ કરાવી જમીનનું સર્વેસેટલમેન્ટ કરી મહેસૂલીનો યોગ્ય દર ઠરાવી ખેડૂતવર્ગને રાહત આપી. તેમણે રસ્તાઓની મોજણી કરાવી, પાણી માટે કૂવાઓ ખોદાવ્યા. રાજય હસ્તક કાપડની મિલની સ્થાપના કરી. તેમણે દેશ - વિદેશનો પ્રવાસ કરી તમામ ક્ષેત્રોનું નિરીક્ષણ કરી વડોદરા રાજયને આદર્શ, પ્રગતિશીલ અને આધુનિક બનાવવા અનેક સુધારા આપ્યા.

મહારાષ્ટ્રમાં જ્યોતિરાવ ફૂલે દ્વારા શુદ્રોના ઉત્થાનમાં પૂનામાં શુદ્રજાતિના બાળકો માટે શાળાની શરૂઆત, દેવદાસીની પ્રથાનો વિરોધ વગેરે અસ્પૃશ્યોનું જીવન સુધારણા માટે ક્રાંતિકારી ચળવળ શરૂ કરી હતી. ત્યારે ઈ.સ. ૧૮૮૪માં મહારાજા સયાજીરાવે જયોતિરાવનું સન્માન કરી તેમનું પ્રવચન ગોઠવ્યું હતું. ગુજરાતમાં ૧૯મી સદીના સુધારકોએ સમાજસુધારણાના આંદોલનો ચલાવ્યા. સ્ત્રી જાગૃતિ માટે અનેક સમાજસુધારકોએ બાળલગ્નો, દહેજપ્રથા, વિધવાવિવાહ અંગે સુધારાઓ હાથ ધર્યા. આ સમયે ભોળાનાથ, કેખુશરો, નવરોજજી, બહેરામ મલબારી, મણિભાઈ નભુભાઈ, ગોવર્ધનરામ ત્રિપાઠી, સયાજી ગાયકવાડ, રમણભાઈ નિલકંઠ વગેરેએ સમાજસુધારણાની પ્રવૃત્તિ હાથ ધરી હતી.

પશ્ચિમ કેળવણીનો સારો એવો પ્રચાર થવાને નાતે સમાજમાં પ્રવેશેલા અનિષ્ટો, કુરિવાજો નાથવા માટેની શરૂઆત થઈ. જેમાં પ્રથમ દુર્ગારામ મહેતાએ માનવધર્મ સભાની સ્થાપના સાથે સમાજસુધારણાની દિશામાં આગવું પગલું ભર્યું.

સ્ત્રી કેળવણીએ સ્ત્રીઓમાં આચાર, વિચાર, લગ્નજીવન વગેરે સમાજલક્ષી સમાજ સુધારાઓની ચર્ચા થવા લાગી. ગાયકવાડ સરકારે વડોદરા રાજયમાં સમાજ-સુધારણા ક્ષેત્રે મહત્વની કામગીરી બજાવી હતી. સયાજીરાવ ગાયકવાડ એક રાજવી હોવાની સાથે સાચા અર્થમાં સમાજસુધારક હતા. તેમણે ગુજરાતમાં કેળવણી, હરિજનોધ્ધાર, બાળલગ્નનિષેધ, વિધવાવિવાહ વગેરે માટે ઘણું ઉત્તેજન આપ્યું હતું.

૧૯મી પહેલાંથી જ સમાજમાં બાળલગ્ન, સતીપ્રથા, અસ્પૃશ્યતા, વિદેશી ગમન પર પ્રતિબંધ, વિધવા પુનઃલગ્ન પર પ્રતિબંધ, વહેમ, અંધશ્રદ્ધા, દહેજપ્રથા, બાળકીને દૂધ પીતી કરવાનો રિવાજ વગેરે જેવા કુરિવાજો પ્રચલિત હતા. બાળકીને દૂધ પીતી કરવાનો રિવાજ પુરુષપ્રધાન સમાજમાં માત્ર પુરુષ જન્મને જ પ્રાધાન્ય આપનારૂં હતું. સ્ત્રીનો જન્મ દુઃખદ ગણાતું. સ્ત્રી-પુરુષ વચ્ચે રહેલી અસમાનતા વચ્ચે સ્ત્રીઓનો વિકાસ રુંધાયો હતો. ત્યારે બાળકીને બચાવવા માટે ગાયકવાડ સરકારે આ કુરિવાજ દૂર કરવા માટે દૂધપીતીના રિવાજને બાળહત્યાનો ગુનો ગણીને એના માટે સજા જાહેર કરી.

સયાજી ગાયકવાડે સ્ત્રી કેળવણીનું મહત્વ સારી રીતે સમજયું હતું. સમાજમાં પ્રવર્તતા ખોટા રીતરિવાજો દૂર કરવા તેમણે અનેક કાયદાઓ બનાવ્યા હતા. બાળલગ્નને કારણે સમાજમાં બાળવિધવાઓનું પ્રમાણ વધવા પામ્યું હતું. બાળલગ્ન પર પ્રતિબંધ મૂકયો, વિધવા વિવાહને ઉત્તેજન આપી તેને કાયદેસર બનાવ્યા. બાળલગ્નથી બાળમૃત્યુનું પ્રમાણ રાજયમાં વધી રહ્યું હતું. તે માટે તેમણે બાળલગ્ન પ્રતિબંધક કાયદો બનાવ્યો. જેમાં લગ્નવયની ઉંમર નકકી કરવામાં આવી. જેમાં કન્યા માટે ૧૨ વર્ષ અને છોકરા માટે ૧૬ વર્ષની ઉંમર લગ્ન માટે નકકી કરવામાં આવી. રાજયમાં પરવાનગી વગર બાળલગ્ન કરવામાં આવ્યા હોય તો તેમનાં માટે એક મહિનાની કેદની સજા નકકી કરવામાં આવી. ઈ.સ.૧૮૫૬માં વિધવા પુર્નલગ્ન કાયદો અમલમાં આવ્યો હતો. શહેરી વિસ્તારમાં આ કાયદાનો સ્વીકાર ધીરે-ધીરે કરવામાં આવ્યો. વિધવા વિવાહ અપશુકનિયાળ ગણાતું. વિધવા સ્ત્રીઓએ શિક્ષણ, પોષાક વગેરે બાબતોમાં સમાજનાં સખ્ત નિયમોનું જ પાલન કરવાનું રહેતું. જે રીતે બાળલગ્નના કારણે વિધવાઓનું પ્રમાણ વધી રહ્યું હતું તેની સામે વિધવા વિવાહ પ્રતિબંધ હોવાના કારણે

રાજયમાં વિધવા વિવાહને ઉત્તેજન આપીને સ્ત્રીઓની સ્થિતિ સુધારવાનું મહત્વનું કાર્ય ગાયકવાડ સરકારે કર્યું. સૌરાષ્ટ્રમાં આ સમયે ખાસ કરીને રાજપૂત સમાજમાં પ્રચલિત આ દૂષણને દૂર કરવા માટે ગાયકવાડ સરકારે રાજપૂત રાજાઓને સમજાવી આ નિર્ણય બંધ કરવાનો નિર્ણય કરાવ્યો હતો.

હિંદુ સમાજમાં બાળલગ્નો, જ્ઞાતિપ્રથા, સ્ત્રીઓમાં અજ્ઞાનતા હોવાથી દયનીય સ્થિતિ, જ્ઞાતિ બહારના લગ્ન પર પ્રતિબંધ, જ્ઞાતિમાં લગ્નપ્રથાના નિયમો, લગ્ન-મરણના ખર્ચાઓ, સ્ત્રીઓની સ્વતંત્રતા પર તરાપ વગેરે સમાજમાં પછાત વિચારશીલ વિચારો જાણીતાં બન્યા હતા. સમાજમાં ઊંચ-નીચના ભેદભાવો, નાગરિકોના અધિકારો પર પ્રતિબંધ, સમૂહ ભોજન માત્ર પોતાની જ્ઞાતિમાં લેવાનો રિવાજ, જ્ઞાતિ-પેટાજ્ઞાતિનું સૌથી વધુ પ્રમાણ, લગ્ન પાછળ થતો ખર્ચ, ભાગ્યે જ જોવા મળતાં આંતરજ્ઞાતિય લગ્નો વગેરે કુરિવાજો પર પ્રતિબંધ લાવવાનો અને સમાજમાં સુધારો લાવવાની જરૂરીયાત હતી. ત્યારે રાજયમાં વર્ણ બહાર લગ્ન કરવા અંગેનો કાયદો થતાં રાજયની પ્રજાએ શ્રીમંતી સરકારના આ નિર્ણયને વધાવી લીધો હતો. રાજયમાં છૂટાછેડાનો કાયદો લાવવામાં આવ્યો. લગ્નજીવન દરમ્યાન કોઈકને કોઈક કારણે સાસરી પક્ષે દુ:ખી રહેતી સ્ત્રીને આખી જિંદગી દુઃખમય વિતાવવી નહીં પડે તે માટે ગાયકવાડી સરકારે હિંદુ વિધવા પુનર્લગ્ન ધારો પસાર કરાવી સ્ત્રીજીવન માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો. ઉપરાંત રાજયની પ્રજા માટે ધાર્મિક સ્વાતંત્ર્ય, મિલકત સંબંધી કાયદાઓ અમલમાં લાવવામાં આવ્યા.

તેમણે ઈ.સ. ૧૯૦૧માં હિંદુ વિધવા પુનર્લગ્ન ધારો,૧૯૦૨માં ધર્મસ્વાતંત્ર્ય ધારો, ઈ.સ. ૧૯૦૫માં બાળલગ્ન અટકાયત કરતો ધારો, ઈ.સ.૧૯૦૫માં હિંદુ લગ્ન, ઈ.સ. ૧૯૦૮માં ધ બરોડા સ્પેશિયલ મેરેજ એકટ, ઈ.સ. ૧૯૧૦માં હિંદુ દત્તક ધારો, ઈ.સ. ૧૯૧૧માં હિંદુ વારસો ધારો, ઈ.સ. ૧૯૩૧માં હિંદુ લગ્ન વિચ્છેદ ધારો, ઈ.સ. ૧૯૩૨માં ઐહિક લગ્ન ધારો, ઈ.સ. ૧૯૩૪માં સંન્યાસ દીક્ષા નિયમન ધારો વગેરે જેવા અનેક મહત્વના ધારાઓ પસાર કરીને સ્ત્રીઓના કલ્યાણની પ્રવૃત્તિ હાથ ધરી. ઉપરાંત રાજયમાં પરદેશગમન, કુલીનતા, જ્ઞાતિભેદ, અસ્પૃશ્યતા, સતીપ્રથા, પડદાપ્રથા વગેરે જેવા સામાજિક રિવાજોને લગતા પણ અનેક કાયદાઓ ઘડવામાં આવ્યા. જનતાનો મત સ્વીકારવા માટે ધારાસભાની રચના કરી. સોનગઢ અને વ્યારા તાલુકામાં વસતા ગરીબ અને અજ્ઞાત કાળીપરજ પ્રજાની સ્થિતિ સુધારવા માટે જમીનના **મોંબદલા**ને લગતો નિયમ કર્યો. તે અનુસાર કાળીપરજ લોકોની જમનીના મોંબદલા, નામફેર, વેચાણ, બક્ષિસ તથા રાજીનામાં વગેરે અંગે ઠગાઈ ના થાય તે માટે નિબંધો તૈયાર કરાવ્યા. તે દ્વારા ઉજળીયાત લોકોના શોષણમાંથી બચાવી કાળીપરજ લોકોની ઉન્નતિ માટે સરકારે મહત્વનું પગલું ભર્યું. શ્રીમંત સયાજીરાવે વૃદ્ધોની સ્થિતિ સુધારવા માટે ગરીબગૃહની શરૂઆત કરી હતી. તે દ્વારા ગરીબ, નિઃસહાય, અનાથો માટે મદદરૂપ બની રહે તેવી પ્રવૃત્તિઓ પણ હાથ ધરી હતી.

રાજયમાં અસ્પૃશ્યોની સ્થિતિ અત્યંત દયાજનક હતી. સમાજમાં ઉચ્ચ-નીચની વ્યવસ્થા પ્રથા જડ હતી. સમાજમાં નિમ્ન વર્ગોની સ્થિતિ અત્યંત ખરાબ હતી. કારણ કે ઉચ્ચવર્ણે જે રીતે દલિતો કે અસ્પૃશ્યો સાથે જાહેર સ્થળો કે શિક્ષણ પર પ્રતિબંધ લગાવ્યો હતો તે જોતાં સમાજમાં તેમના અધિકારો પર તરાપ મારવામાં આવી હતી. વડોદરા રાજયમાં મહારાજા ગાયકવાડ સયાજીરાવે અસ્પૃશ્યોના વિકાસ માટે સૌથી મહત્વના પ્રયત્નો કર્યાં.

તેમણે શરૂઆત શિક્ષણ અને લાયક વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપી વધુ અભ્યાસ કરવા પ્રેરિત કર્યા. આ સમયે ગાયકવાડી સરકારે અત્યંજો માટે શિક્ષણની વ્યવસ્થા કરીને તેમને શિક્ષિત બનાવવા માટે શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લીધો. ઈ.સ.૧૮૮૩માં વડોદરા રાજયમાં અત્યંજો માટે અલગ શાળાઓ અને છાત્રાલયો શરૂ કર્યા. શરૂઆતમાં હિંદુ શિક્ષકો શિક્ષણકાર્ય કરવા માટે તૈયાર ન હતા તેથી શરૂઆતમાં શિક્ષણકાર્યમાં કેટલીક મુશ્કેલીઓ આવી હતી. પણ મુસ્લિમ શિક્ષકો દ્વારા શિક્ષણકાર્ય શરૂ કરતાં અસ્પૃશ્યોના શિક્ષણ માટે પ્રગતિની શરૂઆત થઈ. અત્યંજોને ધર્મનું શિક્ષણ મળે તે માટે પુરોહિતોને શિક્ષણ આપવા સંસ્કૃત પાઠશાળાઓ શરૂ કરવામાં આવી. તેમણે અસ્પૃશ્યતા નિવારણ માટે આ શાળામાં ભણતા વિધાર્થીઓને મહિને ૮ રૂપિયાની સ્કોલરશિપ આપવાનું તથા રાજયમાં વિવિધ ખાતાઓમાં નોકરી આપવાનું શરૂ કર્યું.

ઈ.સ. ૧૮૯૨-૯૩માં વડોદરા રાજય હેઠળનાં અમરેલીમાં સૌ પ્રથમ મફત ફરજિયાત શિક્ષણની શરૂઆત કરી. આ સમયે દક્ષિણ ગુજરાતમાં વ્યારા અને મહુવામાં ઈ.સ. ૧૮૯૨માં જ આદિવાસીઓમાં શિક્ષણની પ્રવૃત્તિ શરૂ કરવા માટે શાળાઓ અને છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા.

મહારાજા સયાજીરાવે દલિતોના ઉત્કર્ષ માટે શિક્ષણ, શિષ્યવૃત્તિની વ્યવસ્થા, જાહેર સ્થળોનો ઉપયોગ, મતાધિકાર, રાજયમાં સરકારી નોકરી, આર્થિક પગભર થાય તેવી યોજના, સુધરાઈઓમાં પ્રતિનિધિત્વ મળે તેવા મહત્વના ઠરાવો પસાર કર્યા. તેમણે ઈ.સ.૧૯૩૦માં લાગુ કરેલો શહેરી સુધરાઈ અને ગ્રામપંચાયતમાં અસ્પૃશ્યોને પણ પ્રતિનિધિત્વ આપ્યું. ઈ.સ. ૧૯૩૮માં આજ્ઞાપત્રિકા જાહેર કરીને જાહેર મિલકત, કૂવા, તળાવો વગેરે જાહેર સ્થળોએ તેમનાં પ્રવેશ આપી વાપરવાનો હક આપ્યો. ઈ.સ. ૧૯૩૯માં સામાજિક અને ધાર્મિક પ્રતિબંધ દૂર કરવા માટે નિયમ અમલમાં લાવ્યા.

આ દિશામાં સફળતા મળતાં ઈ.સ. ૧૯૦૬થી સમગ્ર રાજયમાં આ પદ્ધતિ દાખલ કરવામાં આવી. તેમણે સ્ત્રીશિક્ષણ, કાળીપરજ, અસ્પૃશ્યો, અત્યંજો વગેરે જાતિ માટે પ્રાથમિક તથા ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા કરાવી. તેમણે માધ્યમિક શાળાઓ, વિજ્ઞાન, વાણિજય કોલેજો, હુન્નર શિક્ષણ માટે કલાભવન, કન્યાશાળાઓ, શિક્ષકોની તાલીમ માટે અધ્યાપન તાલીમી કોલેજો, સંગીતશાળા, સંસ્કૃત શાળાઓ, બહેરા-મૂંગા માટે શાળાઓ શરૂ કરી. ઈ.સ. ૧૯૦૫માં રમેશચંદ્ર દત્તની મદદથી વડોદરા રાજયમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની શરૂઆત થઈ અને ગામેગામ પુસ્તકાલયોની સ્થાપના કરી. ઈ.સ.૧૯૧૬માં વડોદરામાં પ્રેમાનંદ સાહિત્યસભાની શરૂઆત કરવામાં આવી. ઈ.સ. ૧૯૦૬ પછી તો નવસારી પ્રાંતમાં ગુજરાતી, મરાઠી, અંગ્રેજી શાળાઓ શરૂ થઈ. અહીં ખાસ કરીને આદિવાસીઓને માટે અને અત્યંજો માટે પણ શાળાઓની સ્થાપના કરવામાં આવી. ઈ.સ. ૧૯૧૦ સુધીમાં રાજયમાં ૨૯૩૮ જેટલી પ્રાથમિક શાળાઓ સ્થપાઈ ચૂકી હતી. સ્ત્રી કેળવણીને ઉત્તેજન આપવામાં આવતાં ઈ.સ. ૧૯૧૪ સુધીમાં રાજયમાં ૩૯૪ જેટલી કન્યાશાળાઓ શરૂ થઈ હતી.

ઈ.સ. ૧૯૧૫માં સંસ્કૃત મહાવિધાલય શરૂ કરવામાં આવ્યું. સંસ્કૃત ભાષા અને આયુર્વેદને ઉત્તેજન આપવામાં આવ્યું. ઈ.સ. ૧૯૨૭માં પ્રાચ્ય વિદ્યામંદિરની સ્થાપના કરી પ્રાચીનગ્રંથોનું પ્રકાશન કાર્ય હાથ ધરવામાં આવ્યું.

ઈ.સ. ૧૯૩૧માં મોતીભાઈ અમીનના પ્રયાસોથી 'શાળા ત્યાં પુસ્તકાલય' યોજના શરૂ કરવામાં આવી. વડોદરા રાજયમાં પુસ્તકાલય ખાતાની શરૂઆત કરવામાં આવી. આ ખાતા મારફતે રાજયના તમામ પુસ્તકાલયોને દરેક પ્રકારની ઉદાર મદદ આપવામાં આવી. પુસ્તકાલયોને મકાન અને તેના નિભાવ ખર્ચ માટે નિયમો તૈયાર કરવામાં આવ્યા. આવા પુસ્તકાલયો વડોદરા ઉપરાંત રાજપીપળા, સોનગઢ, વ્યારા, નવસારીમાં સાર્વજનિક પુસ્તકાલયો શરૂ કરવામાં આવ્યા. હિંદી ભાષાને પ્રોત્સાહન આપવામાં આવ્યું. (ઈ.સ. ૧૯૧૧માં દિલ્હી દરબારમાં બ્રિટીશ રાજાની સામે ઝૂકવાની ના પાડીને તેમણે સરકારની નારાજગી વહોરી હતી.) શિક્ષણ માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ તેમણે ડો. ભીમરાવ આંબેડકરને કોલંબિયા વિશ્વવિદ્યાલય ખાતે અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપી. ઈ.સ. ૧૮૮૧માં વડોદરામાં 'બરોડા સાયન્સ કોલેજ'ની સ્થાપના કરી હતી. સયાજીરાવના પુત્ર પ્રતાપસિંહે વડોદરામાં જ વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની સ્થાપના કરી. તેમના નામ પરથી જ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં સયાજીરાવ ગાયકવાડ પુસ્તકાલયની સ્થાપના થઈ હતી. ઈ.સ. ૧૯૩૬થી શારીરિક શિક્ષણને ફરજિયાત બનાવ્યું હતું. તેમણે રાજયમાં બોલાતી ગુજરાતી ભાષાને ઉત્તેજન આપવા માટે ભાષા નિયામક ખાતાની નિમણૂંક કરી. તથા હિંદી, સંસ્કૃત, અંગ્રેજી ભાષા તથા અન્ય ભાષાઓમાં પ્રસિદ્ધ થયેલાં ગ્રંથોનું ગુજરાતીમાં અનુવાદ કરાવ્યું. ઈ.સ. ૧૯૧૫માં વડોદરા સેન્ટ્રલ લાઈબ્રેરી, ઈ.સ. ૧૯૨૭માં પ્રાચ્ય વિદ્યામંદિર સંસ્થા સ્થાપી. રાજયમાં ઔદ્યોગિક શાળાઓ શરૂ કરવામાં આવી. સરકાર તરફથી ચાલતી આવી શાળાઓને મદદ કરવામાં આવતી. જેમકે નવસારીની ટાટા હુન્નર શાળાને સરકારે મદદ કરી હતી. રાજયમાં યુવાનો શારીરિક રીતે સશકત બને તે માટે શારીરિક શિક્ષણ આપતી શાળાઓ ખોલવામાં આવી. શારીરિક શિક્ષણ ફરજિયાત બનાવવામાં આવ્યું. શિક્ષણની સાથોસાથ સંગીત, ચિત્રકલા, શિલ્પકાર, નૃત્ય કલાકારો માટે વિવિધ વિભાગોની સ્થાપના કરી કલા-સ્થાપત્યોને પણ ઉત્તેજન આપ્યું હતું.

સયાજીરાવના શાસન હેઠળ વડોદરા રાજય ભારતનું સુધારકોમાંના રાજયમાં અગ્ર રાજય બન્યું હતું. ઈ.સ. ૧૯૩૯માં દીર્ધદ્રષ્ટા એવા સયાજીરાવ ગાયકવાડનું અવસાન થયું. પ્રિયદર્શી મહાન સયાજીરાવ ગાયકવાડ ખરા અર્થમાં પ્રગતિશીલ અને પ્રબુદ્ધ શાસક હતા. રાજયમાં ફરજિયાત શિક્ષણ અને મફત શિક્ષણની શરૂઆત કરનાર પ્રથમ રાજવી હતા. અત્યંજ શાળાઓ ખોલી, અત્યંજ છાત્રાલયો, પુસ્તકાલયો, સ્ત્રી શિક્ષણને ઉત્તેજન, સ્ત્રીઓ માટે સમાજસુધારકની પ્રવૃત્તિઓ હાથ ધરી સાથે તેમનાં વિકાસ માટે આર્થિક સહાય પણ કરી. સમાનજ્ઞાતિ, સમાન સામાજિક-જ્ઞાતિવર્ગો, આંતરજ્ઞાતિય લગ્નો, અસ્પૃશ્યોની સ્થિતિના સુધારક તરીકે તેમના આ નોંધપાત્ર સમાજ સુધારાઓને કારણે તેમનો શાસનકાળ સુવર્ણયુગ તરીકેનો ગણાય છે.

## સંદર્ભસૂચિ


૧. S. B., Rajyagor, Gujarat District Gazettteer, Baroda, Gujarat State, 1979.
૨. દેસાઈ, ચુનિલાલ, વડોદરા રાજયનો ઈતિહાસ, પ્રાચ્ય વિધામંદિર, ૨૦૨૦.
3. દેસાઈ, રાવબહાદુર, ગો., વડોદરા પ્રાંત, લુહાણામિત્ર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૯૨૧. 3
૪. મહેતા, રમણલાલ, એન., વડોદરા એક અધ્યયન, શ્રી સયાજી સાહિત્યમાળા, ૨૦૧૮,
૫. ડોક્ટર, ચીમનલાલ, એમ., શ્રીમંત સયાજી ગાયકવાડ (ત્રીજા), શ્રી સયાજી સાહિત્યમાળા, ૨૦૧૪.

૬. દેસાઈ, સૌરાબજી, મનચેરજી, તવારીખે નવસારી, ધી લુહાણામિત્ર પ્રિન્ટીંગ પ્રેસ, વડોદરા, ૧૯૩૯,
૭. દેસાઈ, નીરા, અ., ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૨.